SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ૪૨. લોકસાહિત્યકાર પુષ્કર ચંદરવાકર

*ડૉ. ભરતભાઈ પી. પટેલ*
*ડૉ. રચનાકુમારી એમ. વર્મા*

ગુજરાતી લોક સાહિત્યમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ લેખકો ગણ્યાગાંઠ્યા છે. એમાં શ્રી પુષ્કર ચંદરવાકરનું નામ પ્રથમ હરોળઉ ગણી શકાય શ્રી ઝવેરચંદ મેઘાણીની જેમ ચંદરવાકરે પણ ગુજરાતના ભિન્ન ભિન્ન પ્રદેશોને પગપાળા ખૂંદી કાળની ગર્તામાં ઘરબાયેલા લોક સાહિત્યને જીવંત કર્યું છે. માત્ર ગુજરાતમાં જ નહિ ગુજરાત બહાર પણ વ્યાપક પ્રવાસો ખેડી ભારતમાં વિભિન્ન પ્રદેશોના ભાતીગળ લોકસાહિત્યને તેમણે સંપાદિત કર્યું છે.

ઈ.સ. ૧૯૩૯ થી શરૂ થયેલી એમની લેખન યાત્રા જીવન પર્યન્ત ચાલી છે.લોકગીત, લોકવાર્તા અને ગીતકથાના સત્વશીલ સંગ્રહોથી માંડીને લોકશાસ્ત્ર પરની વિવેચનના અભ્યાસ પૂર્ણ સંશોધનલેખો, નવલકથાઓ, નવલિકાઓ, એકાંકીઓ, સંપાદન ગ્રંથો, બાળસાહિત્ય, ચરિત્રનિબંધો અને કેટલુંક પ્રકીર્ણ સાહિત્ય મળી લગભગ સિતેરથી વધુ પુસ્તકો તેમણે ગુજરાતને ચરણે ધર્યા છે. એમાંય લોકસાહિત્ય સંબંધી વિવેચનાના ઉત્કૃષ્ટ ગ્રંથો આપીને તો તેમણે ગુજરાતી સાહિત્યની બહુ મોટી સેવા કરી છે. એમ કહી શકાય કે મેઘાણી પછી ગુજરાતી લોકસાહિત્યને ગુણવત્તાની દ્રષ્ટિએ સમૃદ્ધ કરનાર શ્રી પુષ્કર ચંદરવાકર જ છે.

શ્રી પુષ્કર ચંદરવાકરના જીવન ઘડતરમાં અને એમને લોકસાહિત્યનું ઘેલું લગાડનાર પરિબળોમાં એમના પરિવારનો ફાળો પણ અમૂલ્ય રહ્યો છે. ચંદરવાકરે બાળપણમાં પિતા પાસેથી મહાત્મા ગાંધી અને તેમના આદર્શોની ઘણી વાતો સાંભળેલી તેથી સત્ય અને અહિંસાના સંસ્કારો તો તેમને બાળપણમાં જ મળ્યા હતા. ચંદરવાકરના માતા દુર્ગાબેન પણ ભણેલા અને સાહિત્યપ્રેમી હતા. ઉચ્ચ સંસ્કારોના સિંચન માટે તેઓ બાળ પુષ્કરને પ્રેમાનંદના આખ્યાનો સંભળાવતા વળી, ચંદરવાકરના ભાભુ ડાહીમાં તો લોકવાર્તાની ખીણ સમાં હતા અનેક લોકવાર્તાઓ અને લોકગીતોનું પાન તેમણે ધરવી ધરવીને ચંદરવાકને કરાવ્યું હતું. પરિણામે બાળવયથી જ ચંદરવાકરમાં લોકસાહિત્યના સંસ્કારો જાગ્યા હતા.

કનેરની ધીંગી ધરાની લોકવાર્તાઓ અને લોકગીતોનો તો ચંદરવાકરને નાનપણથી જ નેડો લાગેલો ચંદરવામાં કાઠી દરબરોની ડેલીઓ જયારે ડાયરાઓ ભરાતાં ને તેમાં ભાટ, ચારણો, મીર, તૂરી વગેરે વાર્તાઓ કહેવા આવતા તેમની પાસેથી પણ ચંદરવાકરે લોકવાર્તાઓનું ભરપેટ પાન કરેલું વળી, ચંદરવામાં ભજવાતાં ભવાઈવેશોને ચંદરવાકર રાતના ઉજાગરા વેઠીને પણ માણતાં આવી રસવૃત્તિ અને પોષક વાતાવને કારણે જ પુષ્કર ચંદરવાકરમાં લોકસાહિત્ય પ્રત્યેની પ્રીતિનું વટવૃક્ષ ફૂલ્યું અને ફાલ્યું.

સુરેશ જોશી નોંધે છે: "ભાઈ ચંદરવાકર ફરંદા આદમી છે ડાયરા વચ્ચે પલાંઠી વાળીને એસે છે. ગીતો સાંભળે છે. અશિક્ષિતોને કંઠે વસતા સાહિત્યનો નૃવંશશાસ્ત્રના કોઈ સિધ્ધાંતનું પ્રતિપાદન કરવામાં ઉપયોગ કરતાં નથી એ કાળા આદમીની વચ્ચે તેમનામાંના જ એક બનીને તેમના ભાવાસ્પન્દને સ્પન્દિત થાય છે".

શ્રી પુષ્કર ચંદરવાકરે પ્રાથમિક શિક્ષણ ચંદરવાની પ્રાથમિક શાળામાં લીધું હતું. અને માધ્યમિક શિક્ષણ બોટાદ તથા લીંબડીની શાળાઓમાં લીધું હતું મેટ્રિક પાસ કરી ગુજરાત કૉલેજમાં જોડાયા. ઈ.સ. ૧૯૪૬માં ગુજરાતી-અંગ્રેજી સાથે એમ.એ.ની પરીક્ષા પાસ કરી ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારો સર્વ શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક, રસિકલાલ પરીખ, કે.કા.શાસ્ત્રી, ભોગીલાલ સાંડેસરા, અનંતરાય રાવળ અને


*ડૉ. ભરતભાઈ પી. પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ*
*ડૉ. રચનાકુમારી એમ. વર્મા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગૃહવિજ્ઞાન વિભાગ, આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ચાણસ્મા.*

દાવર સાહેબ જેવા વિદ્યાન અધ્યાપકો પાસે ભણવાનું સદ્દભાગ્ય તેમણે સાંપડેલું. શ્રી પુષ્કર ચંદરવાકરને લેખન પ્રતિ વાળવામાં આ વિદ્વાન ગુરૂજનોનો ફાળો બહુ મૂલ્ય હતો. આ ઉપરાંત પૂજ્ય મહાત્મા ગાંધીએ બાળપણથી જ ચંદરવાકરના માનસપટ પર અવિસ્મરણીય છાપ પાડેલી રાષ્ટ્રમુક્તિની લડતમાં ઉત્સાહભેર ભાગ લીધેલો. પુષ્કર ચંદરવાકરના ચિત્ત પર અમીટ છાપ પાડનાર અન્ય મહાનુભાવોમાં બીજું નામ આવે છે શ્રેયાર્થી દાદાસાહેબ માવળકરનું, દયા, કરુણા ને  પ્રેમના પાઠ દાદાસાહેબ માવળકર પાસેથી જ શીખવા મળેલા પુષ્કર ચંદરવાકરને લોકસાહિત્ય પ્રતિ વાળવામાં નિમિત્તરૂપ બનનાર અન્ય મહાનુભાવોમાં લોકસાહિત્યના મરમી શ્રી ઝવેરચંદ મેઘાણીનો પણ સિંઘફાળો છે.

શ્રી પુષ્કર ચંદરવાકરે પોતાના વ્યવસાય અર્થે કૉલેજના અધ્યાપક તેમ જ પ્રિન્સિપાલ તરીકે જ્યાં જ્યાં નોકરી કરી તે પ્રદેશને પગપાળા ખૂંદી વળ્યા અને જે તે પ્રદેશના લોકસાહિત્યને સંશોધિત કરી સંપાદિત કર્યું છે. આમ, તો તેઓ લોકસાહિત્યના ફિલ્ડવર્ક ક્ષેત્રે સંશોધનના માણસ ગણાય.તેમણે વ્યવસાય અર્થ ઉત્તર ગુજરાતમાં ઊંઝા કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે અને તે પછી પોરબંદર ગુજરાતીના અધ્યાપક તરીકે ત્યારબાદ ધ્રાંગધ્રા કૉલેજમાં અધ્યાપક તરીકે અને છેલ્લે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ ખાતે રીડર તરીકેની કામગીરી બજાવી ત્યારે તેમણે ઉત્તર ગુજરાતની લોકકથાઓ, મીર બહારવટિયાની કથા વગેરેનું સંશોધન કરેલ, તો પોરબંદર વિસ્તારના દરિયાખેડુ ખારવાણ કોમના લોકગીતો અને લોકવિદ્યાનું સંશોધન-સંપાદન કર્યું એ પછી ધ્રાંગધ્રાની નોકરી વખતે ઝાલાવાડ વિસ્તારના લોકગીતો અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની નોકરી દરમ્યાન લોકસાહિત્યના વિભાગ શરૂ કરાવી વહીવંચા વગેરેના ચોપડા સંગ્રહિત કર્યા, તો લોકસાહિત્ય વિષયમાં સૌ પ્રથમ પી.એચ.ડી.ના માર્ગદર્શક બની વિદ્યાર્થીઓને સંશોધન સંપાદનનું કામ કરી લોકસાહિત્યક્ષેત્રે મોટી સેવા કરી છે.

માહે ફેબ્રુઆરી ૧૯૩૯માં પુષ્કર ચંદરવાકરનો વિધિસર લેખનજગતમાં પ્રવેશ થયો. તેઓની પ્રથમ કૃતિ 'ધોરિયો' વડોદરાથી પ્રકાશિત 'ગુણસુંદરી'માં પ્રસિદ્ધ થઇ જેને સારો પ્રતિસાદ મળતાં તેમની લેખન પ્રવૃત્તિને વેગ મળ્યો અને પછી તો લેખનકાર્યને જ તેમણે પોતાનું જીવનધ્યેય બનાવ્યું અને મબલખ સાહિત્ય સર્જન થકી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું. નવલકથા હોય કે નવલિકા, ચરિત્રચિત્રણ હોય કે નાટક, ચારણી સાહિત્ય હોય કે લોકસાહિત્ય પુષ્કર ચંદરવાકરની કલમ એકધારી ચાલી છે જો કે ચંદરવાકરનું મૂલ્યવાન પ્રદાન તો લોકસાહિત્ય અને લોકશાસ્ત્રના ક્ષેત્રમાં જ રહ્યું છે. પશ્ચિમના લોકસાહિત્ય વિશેના ખ્યાલો સાથે ભારતીય લોકસાહિત્યનો અભ્યાસ કરીને ટેલટાઈપ, મોટિફ, લોક પર્યાવરણ અને ફોકલોર ઈકોલોજી જેવા અનેક ક્ષેત્રોમાં સૌ પ્રથમ પ્રકાશ પાડીને ચંદરવાકરે વિદ્વાનોને પ્રેરણા આપી છે. ભારતભરના લોકશાસ્ત્રની સાથે જીવંત સંપર્ક અને પરદેશી લોક શાસ્ત્ર સાથેનો જીવંત પરિચય તેઓ રાખતા. અમેરિકાના પ્રતિષ્ઠિત સામયિકો 'વેસ્ટર્ન ફોકલોર' અને રોટરી આદિમાં વારંવાર એમના અંગ્રેજી લેખો અને સંશોધન - પત્રિકાઓ છપાતા.

શ્રી પુષ્કર ચંદરવાકરની લોકસાહિત્ય ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમને ભારતની વિવિધ યુનિવર્સીટી માં પી.એચ.ડી.ના પરીક્ષક તરીકે નીમવામાં આવેલાં તેથી લોકસાહિત્યના સંશોધકોના પી.એચ.ડી.મહાનિબંધના પરીક્ષણ માટે તેમને વિવિધ યુનિવર્સીટીઓમાંથી નિમંત્રણો મળતા. એટલું જ નહિ પરપ્રાંતના અને પરદેશના લોકશાસ્ત્રના અભ્યાસી છાત્ર-છાત્રાઓ લોકસાહિત્ય વિષયક સામગ્રીના વિચારવિમર્શ માટે તેમનું સાનિધ્ય શોધતાં.

લોકસાહિત્ય સંબંધી તેમની આ અદ્વિતિય સાહિત્ય સેવાને કારણે ઈ.સ. ૧૯૬૮માં રાજસ્થાન સાહિત્ય એકાદમીએ તેમનું બહુમાન કરેલું તો 'તુલસી વિદ્યાપીઠ' (યુ.પી.)તરફથી તેઓને 'વિદ્યાવારિધી' ની માનદ્ પદવી આપવામાં આવેલી 'ઇન્ડિયન ફોક કોગ્રેસ' બેંગ્લોર (કર્ણાટક) તરફથી તેઓને 'માતૃદેવી ફોકલોર પ્રાઈઝ' થી નવાજવામાં આવેલા. આ ઉપરાંત રાજ્યસ્તરે 'સૌરાષ્ટ્ર સાહિત્ય સંગમ ચંદ્રક' અને 'સંસ્કાર ચંદ્રક' જેવા પુરસ્કારોથી પણ તેમનું ઉચિત બહુમાન કરવામાં આવેલું ચંદરવાકરની લોકશાસ્ત્ર સંબંધી પ્રખર વિદ્વતાને કારણે અમેરિકા, ફિન્ડલેન્ડ, જર્મની અને ઇંગ્લેન્ડના ગોરા પરદેશીઓ પુષ્કરભાઈને મળવા છેક ચંદરવા સુધી આવતા. તેમની આ સિદ્ધિ નાનીસૂની નથી.

ઈ.સ. ૧૯૫૫થી શરૂ ચંદરવાકરની લોકસાહિત્ય વિષય પ્રવૃત્તિ ઈ.સ. ૧૯૯૩ સુધી ચાલી છે. લોકસાહિત્ય વિષયક એમની આ કામગીરીને ચાર પ્રકારે મૂલવી શકાય.

(૧) લોકગીતનું સંપાદન, (૨) લોકકથાનું સંપાદન, (૩) ગીતકથાનું સંપાદન અને (૪) લોકસાહિત્ય વિષયક વિવેચના.

લગભગ ચાર દાયકા સુધી ચાલેલી તેમની સંશોધન-સંપાદન અને વિવેચનાયાત્રાને અંતે પુષ્કર ચંદરવાકર પાસેથી લોકગીતના ચાર, લોકવાર્તાના સાત, ગીતકથાના બે અને લોકસાહિત્ય વિષયક વિવેચનાના સાત ગ્રંથો પ્રાપ્ત થયા છે.

લોકગીત વિષયક ચાર સંગ્રહોમાં 'નવો હલકો' (૧૯૫૬), 'વાગે રૂડી વાંસળી રે' (૧૯૬૭), 'પ્રીતના પાવા'(૧૯૮૩) અને 'ઓલ્યા કાંઠાના અમે પંખીડા' (૧૯૮૪) નો સમાવેશ થાય છે.

લોકકથા વિષયક સાત સંગ્રહોમાં 'ખેતરનો ખેડુ' (૧૯૫૫), 'સોંપ્યા તુજને શિશ' (૧૯૬૬), 'સોનાની ઝાલ' (૧૯૭૦), 'ઓખા મંડળની લોકકથાઓ' (૧૯૭૦), 'બહારવાટીયા ફોજદાર' (૧૯૭૮), 'ખીજડિયું' (૧૯૯૦), અને 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' (૧૯૯૩)નો સમાવેશ થાય છે.

ગીતકથા વિષયક બે ગ્રંથોમાં 'ચંદર ઊગ્યે ચાલવું' (૧૯૬૪), અને 'ચૂડ વિજોગણ' (૧૯૮૭) જેવી સુપ્રસિદ્ધ ગીતકથાનો સમાવેશ થાય છે.

લોકસાહિત્ય વિષયક વિવેચનાના સાત ગ્રંથોમાં 'ધરતી ફોરે ફોરે' (૧૯૭૦), 'રસામૃત' (૧૯૭૭), 'લોકવાર્તા' (ઉદ્‌ભવ, પ્રકાર અને વિકાસ) (૧૯૭૯), 'લોકામૃત' (૧૯૮૦), લોકરંગ (૧૯૮૪), 'લોકમાંથી' (૧૯૮૬), અને 'લોકદ્વારેથી' (૧૯૮૯)નો સમાવેશ થાય છે.

એક ઉમદા અધ્યાપક, ઉત્સાહી આચાર્ય, ઉચ્ચ કોટિના લોકશાસ્ત્રી અને લોકસાહિત્યના મર્મજ્ઞ શ્રી પુષ્કર ચંદરવાકરનો ક્ષરદેહ ૧૬મી ઓગષ્ટ ૧૯૯૫માં પંચમહાભૂતમાં ભળી ગયો જાણે લોકસાહિત્ય રૂપી આકાશમાંથી એક તારો હંમેશને માટે ખરી ગયો.

સંદર્ભ :

પુષ્કરચંદરવકાર અને લોકસાહિત્યકાર – અમૃત જાદવ

ગુજરાતી વિશ્વકોશ